જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૮/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૭૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૧૪ લીટર દેશી દારૂ, ૨૨૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૫૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૮૪ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૧,૬૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૮૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૬ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૦૮૧/૨૦૨૬**

શહેરકોટડાઃ બિનલબહેન વા/ઓ રાહુલકુમાર ઠાકોર (રહે. બાઈ સરસ્વતીની ચાલી, પોરાના રોજા પાસે, સરસપુર, શહેરકોટડા) એ તા.૦૪/૦૮/૨૦૨૬ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૭/૨૦૨૬ સવારના ૧૦/૦૦ થી તા.૦૩/૦૮/૨૦૨૬ સવારના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના–ચાંદીના દાગીના મળી કુલ કિંમત રૂપિયા ૮,૨૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.ચાવડા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૦૮૨/૨૦૨૬**

ચાંદખેડાઃ યતીનભાઈ દિનેશભાઈ મેવાડા (રહે. સેરેનીટી સ્પેશ ફ્લેટ, વિષ્ણુધારા ગાર્ડન ચાર રસ્તા પાસે, જગતપુર, ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે યતીનભાઈ મેવાડાના ઘરમાં કામ કરતા આરોપી સુનિલ લીલારામ કલાસવા (રહે. ગામ–ગેપુલા, તા–કરેલીયા, જી–ડુંગરપુર રાજસ્થાન) અને તેના સંબંધી રાજુ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) નાઓએ ભેગા મળી તા.૦૩/૦૮/૨૦૨૬ બપોરના ૨/૪૦ થી ૨/૫૦ વાગ્યા દરમ્યાન યતીનભાઈ મેવાડાના ઘરના કબાટના લોકરમાંથી સોના–ચાંદીના દાગીના ૨૦,૫૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૭,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨૭,૫૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.એન.ગઢવી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૦૮૩/૨૦૨૬**

મણીનગરઃ તનિશભાઇ સુરેશભાઇ મકવાણા (ઉ.વ.૨૩) (રહે.શ્યામવિહાર સોસાયટી, શાહવાડી નારોલ) તા.૦૩/૦૮/૨૦૨૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે મણીનગર મીરા સિનેમા સામે આવેલ પમ્પિંગ સ્ટેશનની અંદર આવેલ ગટર કુવામા અચાનક પડી જતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

વટવા જીઆઇડીસીઃ દીપક ભદ્ધુ ભુમિયા (ઉ.વ.૨૦)(રહે. શ્રમીક ચાર માળીયા, વટવા) તા.૦૩/૦૮/૨૦૨૬ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા જી.આઈ.ડી.સી વટવા ફેઝ–૧ જીંદાલ કંપની ખાતે વીજ કરંટ લાગતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.સાનીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૮૪/૨૦૨૬**

નારણપુરાઃ મિલન દલપતરામ રાજગુરૂ (ઉ.વ.૭૨)(રહે. રંગ ઉપવન સોસાયટી, નીલદીપ ટાવરની બાજુમાં, નવરંગ સર્કલ, નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૮/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી તા.૦૪/૦૮/૨૦૨૬ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના હીંચકાના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.પટેલ ચલાવે છે.

મેઘાણીનગરઃ રાજકુમાર પ્રવિણભાઇ પટણી (ઉ.વ.૨૯)(રહે.પતરાવાળી ચાલી, રામજી મંદિર સામે, સાગર હોટલ પાસે ચમનપુરા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૮/૨૦૨૬ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા ફરજ પરના ડો.શ્રી એ સાંજના ૬/૩૦ વાગે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ચાવડા ચલાવે છે.

સરદારનગરઃ શ્રધ્ધાબહેન મહેશભાઈ રાઠોડ (ઉ.વ.૨૮)(રહે.નવખોલી છારાનગર કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૮/૨૦૨૬ સવારના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એ.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી